# સુરત મહાનગરપાલિકા

---

# નગર નિયોજન સમિતિ

---

## સુ ચ ના

---

સુરત મહાનગરપાલિકાની **નગર નિયોજન સમિતિની** એક સભા **તા.૦૩–૦૭–૨૦૨૫** ના રોજ **સવારના ૧૦–૩૦** કલાકે મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભાખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારુ મળશે.

૦૧. મ્યુ.ક.શ્રીનો તા.૫–૮–૨૦૨૧ નો પત્ર, માન. મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજયના પત્ર નં.દ.ગુ./એસ.એમ.સી./નરયો–૩(રૂંઢ)/વેરીડ/૪૧(૧)/૨૫૭૧, તા.૦૨/૦૭/૨૦૨૧ થી સુચિત ટી.પી.સ્કીમ નં.૩(રૂંઢ) (પ્રથમ ફેરફાર) ની દરખાસ્ત બાબતે ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ ની કલમ–૭૧ ની જોગવાઈઓ હેઠળ વેરિએશન કરવા સદરહું કાયદાની કલમ–૪૧(૧) હેઠળ આપેલ અનુમોદન/પરામર્શ અન્વયે ફાઈલ સાથે સામેલ દરખાસ્તના મુદ્દા નં.(૧) થી (૪) અંગે મંજુરી આપવા બાબત.

૨. મ્યુ.ક.શ્રીનો તા.૪–૬–૨૦૨૫ નો પત્ર, નામ.હાઈકોર્ટમાં સ્પે.સી.એ.નં.૧૩૭૬૯/૨૦૧૬ માં તા.૩૦/૧૧/૨૦૨૦ ના ઓરલ ઓડર તથા એમ.સી.એ.(ફોર કન્ટેમપ્ટ) નં.૧૨૧૮/૨૦૨૫ માં તા.૦૭/૦૫/૨૦૨૫ ના ઓરલ ઓર્ડર અન્વયે ફાયનલ ટી.પી.સ્કીમ નં.૪૪ (જહાંગીરાબાદ)માં સમાવિષ્ટ મોજે:જહાંગીરાબાદ, બ્લોક નં.૧૨૮, મુળખંડ નં.૩૫, ક્ષે.૧૬૨૩૩ ચો.મી. ની સામે ફાળવવામાં આવેલ ફા.પ્લોટ નં.૫૦, ક્ષે.૭૭૩૮ચો.મી. અને ફા.પ્લોટ નં.૨૯ ક્ષે.૩૬૨૪ ચો.મી. મળી કુલ ક્ષે.૧૧૩૬૨ ચો.મી. તથા તેને લાગુ એપ્રોપ્રીએટ ઓથોરીટી, સુરત મહાનગરપાલિકાને ફાળવેલ અનામત અંતિમખંડ નં.૫૨, "સેલ ફોર કોર્મશીયલ" ક્ષે.૫૪૫૪ ચો.મી.ના આયોજન/પુનઃરચનામાં ફેરફાર કરી આ સાથે પત્ર વ્ય.વિ.પાના નં.૧૨૩૩–૧૨૩૫ ઉપર સામેલ નકશા તથા એરીયા સ્ટેટમેન્ટમાં દર્શાવ્યા મુજબ બ્લોક નં.૧૨૮, મુળખંડ નં.૩૫ ના ક્ષેત્રફળમાં વધારો કરી ક્ષે.૧૬૨૩૩ ચો.મી. ને બદલે ક્ષે.૧૮૨૧૧ ચો.મી. ની સામે ટી.પી.સ્કીમનું નિયમીત કપાતનું ધોરણ જાળવી અંતિમખંડ નં.૫૦ (ક્ષે.૭૭૩૮ ચો.મી.), અંતિમખંડ નં.૨૯ (ક્ષે.૩૬૨૪ ચો.મી.) ઉપરાંત એપ્રોપ્રીએટ ઓથોરીટી, સુરત મહાનગરપાલિકાના અનામત અંતિમખંડ નં.૫૨, સેલ ફોર કોર્મશીયલ, ક્ષે.૫૪૫૪ ચો.મી. પૈકીની આ સાથે પત્ર વ્ય.વિ.પાના નં.૧૨૩૩ ઉપર સામેલ નકશામાં દર્શાવ્યા મુજબની દક્ષિણ તરફની ક્ષે.૧૩૮૫ ચો.મી. જગ્યા અંતિમખંડ નં.૫૨/૨ તરીકે મિલ્કતદારોને ફાળવવા તથા જે મુજબ સદર અંતિમખંડોના કુલ ક્ષે.૧૨૭૪૭ ચો.મી. ફાળવવા તથા તેને આનુસાંગિક એપ્રોપ્રીએટ ઓથોરીટી, સુરત મહાનગરપાલિકાના અનામત અંતિમખંડ નં.૫૨, સેલ ફોર કોર્મશીયલ, ક્ષે.૫૪૫૪ ચો.મી. ના ક્ષેત્રફળમાં ક્ષે.૧૩૮૫ ચો.મી. નો ઘટાડો કરી સદર જગ્યાની બાકીની ક્ષે.૪૦૬૯ ચો.મી. જગ્યા અનામત અંતિમખંડ નં.૫૨/૧ તરીકે "સેલ ફોર કોર્મશીયલ" ના જાહેરહેતુ માટે રાખવા ફાયનલ ટી.પી.સ્કીમમાં ફેરફાર કરવા તથા જે માટે ફાયનલ ટી.પી.સ્કીમ નં.૪૪ (જહાંગીરાબાદ) માં ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ ની કલમ–૭૦ હેઠળ વેરીએશન કરવા અંગે યોગ્ય નિર્ણય થવા તથા તે અંગે નામ.સરકારશ્રીમાં દરખાસ્ત કરવા સહિતની તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવા બાબત.

૦૩. સભ્ય શ્રી અશોકભાઈ ધનેશભાઈ રાંદેરીયાનો તા.૬–૬–૨૦૨૫ ના પત્રથી, તા.૨૦–૫–૨૦૨૫ના રોજ મળેલ સભામાં ગેરહાજર રહેવાનું જણાવેલ કારણ મંજુર કરવા બાબત.

૦૪. સભ્ય શ્રીમતી ઉષાબેન રાજેન્દ્ર પટેલનો તા.૯–૬–૨૦૨૫ ના પત્રથી, તા.૨૦–૫–૨૦૨૫ના રોજ મળેલ સભામાં ગેરહાજર રહેવાનું જણાવેલ કારણ મંજુર કરવા બાબત.

૦૫. સભ્ય શ્રીમતી દિવ્યા કલ્લુભાઈ રાઠોડનો તા.૧૧–૬–૨૦૨૫ ના પત્રથી, તા.૩–૧૨–૨૦૨૪ અને તા.૨૦–૫–૨૦૨૫ના રોજ મળેલ સભાઓમાં ગેરહાજર રહેવાનું જણાવેલ કારણ મંજુર કરવા બાબત.

૦૬. મ્યુ.ક.શ્રીનો તા.૫–૫–૨૦૨૫ નો પત્ર, નગર રચના યોજના નં.૧૭ (પુણા) ને અંતિમ કરવાની કામગીરી અંતર્ગત નગર રચના અધિકારીશ્રી અને નગર નિયોજકશ્રી–૨ ની કચેરી ધ્વારા તેઓના તા.૩૦/૧૨/૨૦૨૪ ના પત્ર ક્રમાંક : નરયો નં.૧૭(પુણા)/પાર્ટ પ્લાન/ડી.પી.વિસંગતતા/૬૫૮૮ સાથે પાઠવેલ નકશામાં દર્શાવ્યા મુજબ નગર રચના યોજના નં.૧૭(પુણા) માં દક્ષિણ પૂર્વે તરફે સ્થળ સ્થિતી ને અનુરૂપ સુચિત કરવામાં આવેલ ૩૦.૦૦ મી. ટી.પી. રસ્તાની એલાઈમેન્ટને સુસંગત થાય તે મુજબ વિકાસ યોજના–૨૦૩૫ માં મોજે : પુણાના બ્લોક નં.૭૭૦ થી ૭૫૮ સુધીના ફાઈલ સાથે સામેલ નકશામાં લાલ રંગથી દર્શાવેલ રસ્તારેખા રદ કરી, તદઅનુસાર મુકત થતી સદર ડી.પી. રોડ પૈકીની જગ્યા "રેસીડેન્સીયલ" ઝોનમાં નિયત કરવા તથા ભુરા રંગથી દર્શાવેલ રસ્તારેખા મુજબ ૩૦.૦૦મી. પહોળાઈનો ડી.પી. રોડ નિયત કરવા માટે ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ ની કલમ–૧૯ હેઠળ સુડાના વિકાસ નકશા–૨૦૩૫ માં વેરીએશન કરવા અંગે યોગ્ય નિર્ણય થવા તથા નિર્ણય થયેથી તે અંગે સુડા/સરકારશ્રીમાં જરૂરી પત્ર વ્યવહાર કરવા સહિતની તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવા બાબતનું કામ આ સમિતિના ઠરાવ નં.૧/૨૦૨૫ થી મુલતવી રાખ્યા બાદ ફરી રજુ.

આ દે શ થી,

Sonije-n.P.
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૩૦–૬–૨૦૨૫.

CSP